ખાસ જરૂરી

નં.અજાક/ગ-૧/૫/૨૫-૨૬/ ૭૭૧૭-૧૮
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail:dd1-dscw@gujarat.gov.in
તા.૧૯/૯/૨૦૨૫

કમિશનરશ્રી શાળાઓની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
20726
20 SEP 2025

પ્રતિ,
કમિશ્નરશ્રી,
શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર

વિષયઃ- વર્ષ:૨૦૨૨-૨૩ થી વર્ષ:૨૦૨૪-૨૫ સુધીની અનુ.જાતિના વિદ્યાર્થીઓની કેંદ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની કામગીરી બાબત

સંદર્ભ: કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના DO K-11017/8/2025-SCD-V Dated:12-09-2025

સવિનય ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ **Digital Gujarat Portal** પર શાળા/કોલેજ મારફત ઓનલાઇન દરખાસ્તો/અરજીઓ મંગાવી કરવામાં આવે છે.

ઉક્ત યોજના અંતર્ગત સંદર્ભિત પત્રથી શૈક્ષણિક વર્ષ:૨૦૨૨-૨૩ થી વર્ષ:૨૦૨૪-૨૫ સુધીની કામગીરી સમયર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવેલ છે. (નકલ સામેલ છે) આ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા સંબધિત શાળાઓને પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા સૂચનાઓ આપવી જરૂરી બને છે. જેથી ઉક્ત વર્ષોમાં જો કોઇ પણ અરજી વેરીફાઇ કરી આગળ કાર્યવાહી અર્થે મોકલી આપવાની બાકી હોય તો તાત્કાલિક મોકલી આપવા બાબતે આપના તાબા હેઠળના તમામ આચાર્યશ્રીઓને આપની કક્ષાએથી તેમજ આપના જિલ્લાકક્ષાના અધિકારીશ્રીઓ મારફત જરૂરી સૂચનાઓ તાત્કાલિક અપાવવા વિનંતી છે.

ચાલુ માસમાં શિષ્યવૃત્તિની તમામ કામગીરી પૂર્ણ કરવાની હોય ઉક્ત સૂચનાઓ સત્વરે આપવા વિનંતી છે. ઉક્ત બાબતે માન. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ પણ સમયાંતરે રીવ્યુ કરતા હોય ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ
નકલ સવિનય રવાના:
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી

યોજના-૨
20/9/25

20/9/25

अमित यादव, भा.प्र.से.
सचिव
Amit Yadav, IAS
Secretary

सत्यमेव जयते

भारत सरकार
सामाजिक न्याय और अधिकारिता मंत्रालय
सामाजिक न्याय और अधिकारिता विभाग
Government of India
Ministry of Social Justice & Empowerment
Department of Social Justice & Empowerment

D.O. No. K-11017/8/2025-SCD-V

September 12, 2025

Dear Chief Secretary,

The Department of Social Justice and Empowerment, Government of India, is implementing the Centrally Sponsored Scheme Post-Matric Scholarship Scheme for SC Students and Pre-Matric Scholarship Scheme for SCs & Others by Direct Beneficiary Transfer (DBT) mode since 2021-22 & 2022-23 respectively. The Central Share is released directly into the Aadhaar seeded bank account of the beneficiary students only after the States/UTs disburse their share and transmit the data to the Central portal.

2. Release of the Central share of scholarship amount is contingent upon the timely release of the State share and subsequent transmission of the data to the Central portal. Delays at verification stage/State share disbursal, or in transmission of the State share paid data to Central portal by the States/UT leads to payment of Scholarship to SC students into next financial year or even after two to three years.

3. Such delays besides causing undue hardship to students and their parents, result in multiple grievances and litigations. Further, Scholarship amount being disbursed after years defeats the very purpose and intent of providing Scholarship.

4. In order to streamline and finalise cases of earlier year it has been decided that applications received after cut-off dates would not be accepted on Central portal. For payment of Central Government share the cut off dates for clearance of pending cases of Scholarship disbursement, for both the Post-Matric Scholarship Scheme for SC Students and Pre-Matric Scholarship Scheme for SCs & Others to the students, of last three Academic Years is as below:

| Academic Year | Cut-off Date for accepting State share paid data at Central portal |
|---|---|
| AY 2022-23 | 31st October, 2025 |
| AY 2023-24 | 30th November, 2025 |
| AY 2024-25 | 31st December, 2025 |



Room No. 604, 'A' Wing, Shastri Bhawan, New Delhi-110 001
Tel : 011-23382683, 23389184, Mail : secywel@nic.in

Scanned with OKEN Scanner

5. In this regard, Academic year-wise pendency of data of State/UT is enclosed for ready reference.

6. In view of above, may I request you to direct the concerned Departments/Officials to ensure that the State share paid data is transmitted to the Central portal well before the above-mentioned cut-off dates.

With regards.

Yours sincerely,

( Amit Yadav )

Enclosure: As above

To
Chief Secretary
All States/UTs



Scanned with OKEN Scanner

Letter No: COS/0465/09/2025 Approved Date: 06-10-2025

E-Mail

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર-૧૯, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ.તમામ.

વિષય: વર્ષ ૨૦૨૨-૨૩ થી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની કામગીરી બાબત.

સંદર્ભ: નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરના પત્ર નં.અજાક/ગ-૧/૫/૨૦૨૫-૨૬/૨૬૧૭-૧૮, તા.૧૬/૦૯/૨૦૨૫

શ્રીમાન,

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો અમલ Digital Gujarat Portal પર શાળા/કોલેજ મારફત ઓનલાઇન દરખાસ્તો/અરજીઓ મંગાવી કરવામાં આવે છે. જે યોજના અંતર્ગત કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના DO લેટર મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી વર્ષ ૨૦૨૪-૨૫ સુધીની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવેલ છે. જે અનુવયેની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થવા શાળાના આચાર્યોને જરૂરી સૂચના આપવા જણાવેલ છે. આ સાથે સામેલ અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીના સંદર્ભના પત્રની નકલ સામેલ છે.

બિડાણ: ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
(માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ:

નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, બ્લોક નં-૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નં. 4931
તારીખ 7/10/25
સહી
કચેરીની સહી

Signature valid
Signed by Jayeshbhai Mohanbhai Rathod
Deputy Director
Date: 2025.10.06 12:26:38 +05:30

File No: COS/MIS/e-file/276/2025/1420/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*



Scanned with OKEN Scanner

જા.નં.ક-૩/૫૨૨/૨૦૨૫-૨૬/ ૧૧૭૫૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા તા. ૮/૧૦/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી તથા બિન સરકારી પ્રાથમિક, માધ્ય. અને ઉ.મા. શાળાઓ, (તમામ)
જિ.વડોદરા

૨/- જાણ તથા અમલવારી સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

**નકલ રવાના :**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) (જાણ તથા અમલવારી સારું.)

Scanned with OKEN Scanner